# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર–૧૦/એ, ગાંધીનગર

**જાહેરાત ક્રમાંક:– ૦૫/૨૦૨૬–૨૭ મુખ્ય સેવિકા (વર્ગ–૩)**

## જાહેરાત ક્રમાંક:– ૦૫/૨૦૨૬–૨૭ મુખ્ય સેવિકા (વર્ગ–૩) ની સ્પર્ધાત્મક પરીક્ષાના વિગતવાર અભ્યાસક્રમ અંગેની જાહેરાત

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જાહેરાત ક્રમાંક:– ૦૫/૨૦૨૬–૨૭ મુખ્ય સેવિકા (વર્ગ–૩) સંવર્ગની કુલ ૧૬૯ જગ્યાઓ માટેની જાહેરાત તા.૧૮/૦૪/૨૦૨૬ રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ માટે સદર સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષાનો વિગતવાર અભ્યાસક્રમ આ સાથે સામેલ રાખેલ છે, જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી.

તારીખ: ૧૧/૦૫/૨૦૨૬
સ્થળ: ગાંધીનગર

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

| ક્રમ | અભ્યાસક્રમ | ગુણ | પરીક્ષાનું માધ્યમ |
|---|---|---|---|
| 1 | **General Awareness and General Knowledge** | 35 | **Gujarati** |
| | **(1) History of India and History of Gujarat**<br>1. ગુજરાતના રાજવંશો; મૈત્રક વંશ, સોલંકી વંશ અને વાઘેલા વંશ<br>2. ૧૮૫૭નો ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ– ઉદ્ભવ, સ્વરૂપ, કારણો, પરિણામો અને મહત્ત્વ, ગુજરાતના વિશેષ સંદર્ભમાં<br>3. ૧૯મી સદીમાં ભારત અને ગુજરાતમાં ધાર્મિક અને સામાજિક સુધારા આંદોલનો<br>4. ભારતની સ્વતંત્રતા માટેની ચળવળ, ભારત અને વિદેશમાં ભારતીય ક્રાંતિકારીઓ | 11 | |
| | **(2) Cultural heritage of India and Gujarat**<br>1. ભારત અને ગુજરાતનો સાંસ્કૃતિક વારસો: કળા સ્વરૂપો, સાહિત્ય, સંગીત, શિલ્પ અને સ્થાપત્ય<br>2. ગુજરાતનાં મેળા, ઉત્સવો, ખાણી–પીણી, પોશાક અને પરંપરાઓ<br>3. ગુજરાતની લોકનાટ્ય કળા – ભવાઈ<br>4. ગુજરાતી સાહિત્ય અને સાહિત્ય સંસ્થાઓ, ગુજરાતના સંગ્રહસ્થાનો અને પુસ્તકાલય<br>5. ગુજરાતના તીર્થસ્થળો અને પર્યટનસ્થળો | | |
| | **(3) Geography of India and Geography of Gujarat**<br>1. ભૌતિક ભૂગોળ: ભારત અને ગુજરાતનું ભૂપૃષ્ઠ, મુખ્ય પ્રાકૃતિક વિભાગો, ભૂકંપ, જવાળામુખી અને ભૂસ્ખલન, કુદરતી અપવાહ, મોસમી આબોહવાના પ્રદેશો, ચક્રવાત, કુદરતી વનસ્પતિ, રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય, જમીનનાં મુખ્ય પ્રકારો, ખડકો અને ખનિજો.<br>2. ગુજરાતનાં સંદર્ભમાં સામાજિક ભૂગોળ: વસ્તીનું વિસ્તરણ, વસ્તી ઘનતા, વસ્તી વૃદ્ધિ. સ્ત્રી–પુરૂષ પ્રમાણ, સાક્ષરતા, વ્યવસાયિક સંરચના, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વસ્તી. | | |
| | **(4) Sports**<br>રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતો, સ્પર્ધાઓ અને રમતવીરોનું યોગદાન | | |
| | **(5) Indian Polity and the Constitution of India**<br>1. ભારતીય બંધારણ–ઉદભવ અને વિકાસ, લાક્ષણિકતાઓ, આમુખ, મૂળભૂત અધિકારો અને ફરજો, માર્ગદર્શક સિદ્ધાંતો, | | |

| | | | |
|---|---|---|---|
| | અગત્યના બંધારણીય સુધારા, કટોકટીને લગતી મહત્વની જોગવાઈઓ.<br>2. સંઘ અને રાજ્યના કાર્યો અને જવાબદારીઓ, સંસદ અને રાજ્ય વિધાનમંડળ: માળખું, કાર્યો, સત્તા અને વિશેષાધિકારો, સમવાયતંત્રને લગતી બાબતો<br>3. ભારતમાં ન્યાયપાલિકા –માળખું અને કાર્યો, ન્યાયિક સમીક્ષા, જનહીત યાચિકા, બંધારણીય રિટ (Constitutional Writ).<br>4. બંધારણીય સંસ્થાઓ:સત્તા,કાર્યો અને જવાબદારી<br>5. વૈધાનિક,નિયમનકારી અને અર્ધ–ન્યાયિક સંસ્થાઓ<br>6. સ્થાનિક સરકાર. | 14 | |
| | (6) **Panchayati Raj**<br>1. પંચાયતી રાજનો ઈતિહાસ<br>2. ભારતમાં પંચાયતી રાજને લગત સમિતિઓ<br>3. પંચાયતી રાજને લગત બંધારણીય જોગવાઇઓ<br>4. ત્રિ–સ્તરીય પંચાયતી રાજનું માળખુ | | |
| | (7) **Welfare schemes of Gujarat State and Union Government**<br>ગુજરાત રાજય અને કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓ | | |
| | (8) **Indian Economy and Planning**<br>1. ભારતીય અર્થતંત્ર: સ્વતંત્રતા પૂર્વે અને સ્વતંત્રતા બાદનું ભારતીય અર્થતંત્ર, ભારતીય અર્થતંત્રમાં અત્યાર સુધી થયેલ વિવિધ સુધારાઓ, આયોજન પંચ અને નીતિ આયોગ.<br>2. કૃષિ ક્ષેત્ર: મુખ્ય પાકો, સિંચાઈ પદ્ધતિ, કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલ યોજનાઓ, કૃષિ અને ટેકેનોલોજી, કૃષિ અને કૃષિ સાથે સંકળાયેલ ઔદ્યોગિક પ્રવૃત્તિ, શ્વેત ક્રાંતિ, હરિત ક્રાંતિ, જૈવિક ક્રાંતિ, ટકાઉ ખેતી, કૃષિ વિત્તિય નીતિ અને કૃષિ ઉત્પાદનોની ભાવનીતિ, ખાદ્ય સુરક્ષા અને જાહેર વિતરણ.<br>3. ભારતીય અર્થતંત્રમાં આંતરમાળખું: ઉર્જા, બંદરો, માર્ગો, હવાઈ મથકો, રેલવે, ટેલિકોમ્યુનિકેશન અને આંતરમાળખાં સાથે સંકળાયેલ સંસ્થાઓ | 10 | |
| | (9) **General Science, Environment and Information & Communication Technology**<br>1. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પર્યાવરણની જાળવણી માટેની નીતિઓ અને સંધિઓ, પર્યાવરણ ક્ષેત્રની મહત્વની સંસ્થાઓ, પર્યાવરણ ક્ષેત્રે સંકળાયેલા મહત્વનાં એવોર્ડ<br>2. વન અને વન્ય જીવન સંરક્ષણ<br>3. કલાઈમેન્ટ ચેન્જ (જળવાયુ પરિવર્તન) અને તેને સંલગ્ન બાબતો<br>4. આપત્તિ વ્યવસ્થાપન<br>5. રોજબરોજના જીવનમાં સામાન્ય વિજ્ઞાન (ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન), વિજ્ઞાન ક્ષેત્રે થયેલી મહત્વની શોધો અને તેના શોધકો, વિજ્ઞાન ક્ષેત્રે સંકળાયેલા મહત્વનાં એવોર્ડ, વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે સંલગ્ન વિવિધ સંસ્થાઓ, પ્રસિદ્ધ ભારતીય વૈજ્ઞાનિકો | | |

| | | | |
|---|---|---|---|
| | 6. માહિતી અને સંચાર તકનીકો(ICT): તેનું મહત્વ, લાભો અને પડકારો, ઈ–ગવર્નન્સ અને ભારત સંબંધિત નીતિઓ, સાયબર ક્રાઈમ અને સાયબર સુરક્ષા.<br>(10) **Current affairs of Regional, National and International Importance**<br>વર્તમાન પ્રવાહો: પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મહત્વની સાંપ્રત ઘટનાઓ | | |
| 2 | **Gujarati Grammar**<br>1. રૂઢિપ્રયોગનો અર્થ<br>2. કહેવતનો અર્થ<br>3. સમાસ વિગ્રહ કરી તેની ઓળખ<br>4. છંદ<br>5. અલંકાર<br>6. શબ્દસમૂહ માટે એક શબ્દ<br>7. જોડણી શુદ્ધિ<br>8. લેખન શુદ્ધિ, ભાષા શુદ્ધિ<br>9. સંધિ જોડો કે છોડો<br>10. સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો | 20 | **Gujarati** |
| 3 | **English Language and Grammar**<br>1. Tenses<br>2. Active Voice & Passive Voice<br>3. Narration (Direct-Indirect)<br>4. Transformation of Sentences<br>5. Use of Articles and Determiners<br>6. Use of Adjectives, Prepositions and Conjunctions<br>7. Verbs and Adverbs<br>8. Nouns and Pronouns<br>9. Use of Idiomatic Expressions<br>10. Synonyms/Antonyms<br>11. One Word substitutions<br>12. Affixes<br>13. Words that cause confusion like Homonyms/Homophones. | 20 | **English** |
| 4 | **General Mathematics, Reasoning & Data Interpretation**<br>1. સંખ્યા પધ્ધતિ<br>2. સરેરાશ<br>3. ટકાવારી<br>4. નફો–ખોટ<br>5. ગુણોત્તર અને પ્રમાણ<br>6. ભાગીદારી<br>7. સમય અને કાર્ય<br>8. સમય, ઝડપ અને અંતર<br>9. સાદું અને ચક્રવૃદ્ધિ વ્યાજ | 25 | **Gujarati** |

| | | | |
|---|---|---|---|
| | 10. સંભાવના<br>11. ક્ષેત્રફળ અને ઘનફળ<br>12. ઉંમર સંબંધિત પ્રશ્નો<br>13. લોહીનાં સંબંધ વિષયક પ્રશ્નો<br>14. તાર્કિક અંકગણિત<br>15. માહિતીનું અર્થઘટન (કોષ્ટક)<br>16. શાબ્દિક તર્કશક્તિ | | |
| 5 | **Questions assessing the requisite knowledge for the job and technical knowledge with regard to the educational qualification** | **100** | **Gujarati** |
| | 1. પોષણ અને સ્વાસ્થ્ય | 19 | |
| | 2. પોષક ઘટકો : કાર્બોદિત પદાર્થો, પાણી, પ્રોટીન અને ચરબી, વિટામિન–પ્રજીવકો, ખનીજક્ષારો | | |
| | 3. સંતુલિત આહારનું આયોજન, કુપોષણ– કારણો અને ઉપાયો, વિવિધ યોજનાઓ જેમ કે બાલભોગ, દૂધ સંજીવની યોજના વગેરે | | |
| | 4. પોષણના મુખ્ય કાર્યક્રમો : પોષક દ્રવ્યોની ઉણપના નિયંત્રણ માટેના કાર્યક્રમો, અપર્યાપ્ત પોષણજન્ય અંધત્વના નિવારણનો રાષ્ટ્રીય કાર્યક્રમ, અપોષણજન્ય પાંડુરોગના નિયંત્રણનો રાષ્ટ્રીય કાર્યક્રમ, આયોડીનનો રોગપ્રતિબંધ કાર્યક્રમ વગેરે, પૂરક આહાર આપવાના કાર્યક્રમો, સંકલિત બાળ વિકાસ યોજના(આઈસીડીએસ) મધ્યાહન ભોજન યોજના (એમડીએમ) | 23 | |
| | 5. આહાર આયોજનના સિદ્ધાંતો, ગર્ભવતી તથા સ્તનપાન કરાવતી મહિલાઓ માટે આહાર આયોજન, શિશુઓ તથા શાળાએ જતાં પહેલાંના બાળકો માટે આહાર આયોજન, સ્કૂલે જતા તથા કિશોરાવસ્થાના બાળકો માટે આહાર આયોજન | | |
| | 6. ખાદ્ય પદાર્થોનો સંગ્રહ, જાળવણીના સિદ્ધાંતો અને રીતો તથા ઓછા મૂલ્યથી ખાદ્ય પદાર્થની પૌષ્ટિકતામાં વધારો, ભોજન સુરક્ષા, ખાદ્યપ્રદૂષણ, ખોરાકમાં બગાડ, ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ વગેરે | | |
| | 7. પોષણ સંબંધિત રોગો; પ્રોટીન, વિટામિન આયોડીન વગેરેની ઉણપથી થતા રોગો, કુપોષણ અને રોગનો ચેપ, મેદવૃદ્ધિથી થતા રોગો, માતાનું કુપોષણ, સગર્ભાવસ્થાના જોખમી પરીબળો અને સ્વાસ્થ્ય સંભાળનું મહત્વ | 22 | |
| | 8. બાળસંભાળ કેંદ્રનું સંચાલન: ભારતમાં બાળસંભાળ સેવાઓ, અભ્યાસક્રમનું આયોજન, બાળસંભાળ કેંદ્રની સ્થાપના અને સંચાલન, પરિવાર અને સમાજનો સમાવેશ | | |
| | 9. બાળકનો પ્રથમ બાર માસમાં વિકાસ: જન્મપૂર્વનો વિકાસ અને સંભાળ, શારીરિક ગતિ સંબંધ અને ઇંદ્રિય વિકાસ, જ્ઞાનાત્મક વિકાસ: વિચારનો ઉદભવ, ભાષા વિકાસ: બોલતા શીખવું, સામાજિક–આવેગિક વિકાસ, પ્રારંભિક સંબંધો, વિકાસને વેગ આપવા માટેની રમતની પ્રવૃત્તિઓ | | |

| | | | |
|---|---|---|---|
| | 10. બાળસંભાળ અને વિકાસ પ્રાસ્તાવિક: બાલ્યાવસ્થાના અનુભવો, બાળવિકાસની પાયાની (મૂળભૂત) સંકલ્પનાઓ, વિકાસના સિધ્ધાંતો, શિશુની જરૂરિયાતો અને હકો, વિકાસમાં રમતનું મહત્વ | | |
| | 11. બાળક પા પા પગલી ભરવાની અવસ્થા દરમિયાન વિકાસ: શારીરિક અને ક્રિયાત્મક વિકાસ, વધતી જતી ગતિશીલતા અને નિયંત્રણ, સંખ્યાત્મક વિકાસ; માનસિક સંકલન અને પ્રતિકાત્મક વિચારશક્તિ તરફ, ભાષાકીય વિકાસ:શબ્દોથી વાક્યપ્રયોગ, સામાજિક–આવેગિક વિકાસ, વિકાસને વધારવા માટે રમતની પ્રવૃત્તિ | | |
| | 12. બાળક પૂર્વશાલેયઅવસ્થા દરમિયાન વિકાસ: શારીરિક સુદ્રઢતા અને ચેષ્ટાત્મક સમન્વયમાં વિકાસ, સંજ્ઞાત્મક યોગ્યતાઓ અને સંકલ્પનાઓની સમજનો વિકાસ, ભાષાકીય કૌશલ્યનો વિકાસ, સામાજિક સંબંધો અને બાળઉછેર | | |
| | 13. પૂર્વશાલેય બાળકો માટેની રમતપ્રવૃત્તિઓ: હલનચલન તથા ગતિશીલતાથી સંબંધિત પ્રવૃત્તિઓ, વાતાવરણમાં શોધખોળ પ્રવૃત્તિઓ, કેટલીક સંકલ્પનાઓનું શિક્ષણ, ભાષા વિકાસ, તરંગલીલા, વાર્તાકથન અને નાટકીય રમત, સંગીત તથા શારીરિક ક્રિયાકલાપ, બાળકોનું કલાજગત, બાળકોની સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરવી | | |
| | 14. બાળકોની ટેવો અને લાક્ષણિકતાઓ, બાળ વિકાસના વિવિધ પાસા (શારીરિક, ભાવનાત્મક, બૌદ્ધિક, સામાજિક અને નૈતિક) | 21 | |
| | 15. બાળ વિકાસમાં મુખ્ય સમસ્યાઓ, બાળકોમાં સામાન્ય રોગ, બાળરોગને રોકવાના ઉપાયો, બાળમૃત્યુના કારણો | | |
| | 16. સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત રસીકરણ, સ્વાસ્થ્ય પરીક્ષણ અને પરામર્શ સેવાઓ, પોષણ અને સ્વાસ્થય પ્રશિક્ષણ, શાળા પૂર્વેનું અનૌપચારિક શિક્ષણ, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની યોજનાઓ, તે સંદર્ભેના આરોગ્ય કાર્યક્રમો, બાળ કલ્યાણ માટેની આરોગ્યની યોજનાઓ વગેરે | | |
| | 17. પૂર્વશાળાના (pre-school) વિવિધ સ્તર જેમાં બાળમંદિર(K.G.), મોન્ટેસરી, આંગણવાડી, ડે–કેર સેન્ટર, ઘોડિયાઘર, ગુજરાતમાં આંગણવાડીની ભૂમિકા અને તેનું વિવિધ યોજનાઓમાં યોગદાન | | |
| | 18. મહિલા અને બાળ વિકાસની રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની યોજનાઓ અને પુરસ્કાર, ગુજરાત રાજ્યમાં મહિલા અને બાળ વિકાસ માટેના કાર્યક્રમો | | |
| | 19. મુખ્ય રાષ્ટ્રીય ઘટનાઓ (વિશેષતા–બાળકો અને મહિલાઓના સંદર્ભમાં ઘટનાક્રમ) | 15 | |
| | 20. મહિલા અને બાળવિકાસના સંદર્ભમાં કેન્દ્ર, રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરે વિવિધ યોજનાઓના અમલીકરણ માટેનું વ્યવસ્થાતંત્ર | | |
| | 21. તરુણાવસ્થામાં આવતી બાલિકાઓની સમસ્યાઓ તેમજ તેમના વિવિધ પાસા | | |

| | | | |
|---|---|---|---|
| | 22. ગુજરાતના બાળકોમાં આરોગ્ય પોષણ શિક્ષણ દુર્બળતા અને બાલિકાઓની વર્તમાન સ્થિતિ | | |
| **કુલ ગુણ** | | **200** | |

**ખાસ નોંધ:-**

(૧) સંબંધિત મુદ્દા (Topic) સામે દર્શાવેલ ગુણ સૂચિત ગુણ છે, જે ઉમેદવારોની સરળતા તથા જાણકારી માટે છે, જેમાં જરૂર જણાયે સામાન્ય ફેરફારને અવકાશ રહેલ છે. જે માટે મંડળ કોઈપણ જાતનું કારણ આપવા બંધાયેલ નથી.